Extra No. 273

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] FRIDAY, AUGUST 1, 2025 / SRAVANA 10, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધું

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના પત્ર ક્રમાંક: LIB/SOU/નો ડ્રોન ઝોન/૨૧૦૪/૨૦૨૫, તા. ૩૦/૦૭/૨૦૨૫

(૨) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: એમએજી/વશી/૯૬૦૨-૨૫/૨૦૨૪, તા.૧૯/૦૭/૨૦૨૪

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે બહાર પાડેલ.

ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/૯૬૦૦ થી ૯૬૩૫/૨૦૨૫-પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા દ્વારા વંચાણ-(૧)ના પત્રથી ગરૂડેશ્વર તાલુકાના એકતાનગર વિસ્તારમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી, સરદાર સરોવર ડેમ, એરોડ્રામ જેવા વાઈટલ ઈન્સ્ટોલેશન સહિત અન્ય વિશ્વ પ્રખ્યાત ટુરીસ્ટ સ્પોટ આવેલ હોય તથા ગુરૂકુલ હેલીપેડ નર્મદા ખાતે મહાનુભાવશ્રીઓની હેલિકોપ્ટર મારફત મુવમેન્ટ થતી હોય, સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારની સુરક્ષા સુનિશ્ચિત કરવા સારૂ સદરહુ વિસ્તારને તથા ગુરૂકુલ હેલીપેડ અને નર્મદા ઘાટ વિસ્તારને “NO DRONE ZONE” વિસ્તાર જાહેર કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે મુજબ “NO DRONE ZONE” વિસ્તાર જાહેર કરવો આવશ્યક જણાય છે.

આથી હું સી.કે.ઉધાડ(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ - ૧૬૩ તથા વંચાણ-(૨)થી મને મળેલ સત્તાની રૂએ નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર તાલુકાના એકતાનગર ખાતે આવેલ નીચે મુજબના વિસ્તારોને “NO DRONE ZONE” જાહેર કરી, સદરહુ વિસ્તારમાં રીમોટ કંન્ટ્રોલથી ચલાવવામાં આવતાં ડ્રોન (DRONE) ચલાવવાની/ઓપરેટ કરવાની મનાઈ ફરમાવું છું.

અ.નં.	વિસ્તારનું નામ
(૧)	નર્મદા માતાજીની મૂર્તિ - ન્યુ ગોરા બ્રીજ - મોખડી ડેમ સાઈટ - CHPH/RBPH તેમજ ડાઇક નં.૧ એરોડ્રામથી ડાઇક નં.૪, ટેન્ટ સીટીથી ભુમલીયા ઝીરો પોઈન્ટથી નર્મદા માતાજીની મૂર્તિ સુધીનો સમગ્ર વિસ્તાર.
(૨)	ગુરૂકુલ હેલીપેડ વિસ્તાર.
(૩)	નર્મદા ઘાટ વિસ્તાર

અમલવારીનો સમય

આ જાહેરનામાની અમલવારી તા.૦૧/૦૮/૨૦૨૫ તા.૩૦/૦૯/૨૦૨૫ ના સુધી કરવાની રહેશે.

અપવાદ

પોલીસ વિભાગ અને સુરક્ષાબળોના સંસાધનો તેમજ પોલીસ વિભાગના અભિપ્રાયના આધારે અત્રેથી આપવામાં આવેલ પરવાનગીના સંશાધનોને આ જાહેરનામામાંથી મુક્તિ આપું છું.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા, તા.૩૧મી જુલાઇ, ૨૦૨૫

સી.કે.ઉધાડ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
નર્મદા-રાજપીપળા

વંચાણે લીધું

અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: પીઓએલ/જાહેરનામું/વશી/૫૩૦-૫૪૯/૨૦૨૦, તા.૨૫/૦૨/૨૦૨૦

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલ.

ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/૯૨૭૯ થી ૯૩૧૩/૨૦૨૫-નર્મદા જિલ્લામાં નાગરિકો/સંસ્થાઓ જિલ્લા કલેક્ટર કચેરી તેમજ જિલ્લા/તાલુકાની અન્ય કચેરીઓ ખાતે પોતાની વિવિધ માંગણી/રજુઆતો માટે સમૂહમાં આવતા હોય છે. આ પ્રકારની રજુઆતો દરમ્યાન સંબંધિત કાર્યરત કચેરીઓ ખાતે અધિકારીઓ/કર્મચારીઓ તેમજ કચેરી ખાતે કામ અર્થે આવેલ નાગરિકોના વિવિધ કાર્યો તેમજ તેઓની શાંતિ અને સલામતિ-જળવાઈ રહે, સૌહાર્દપૂર્ણ માહોલ બની રહે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જરૂરી નિયંત્રણો મુકવા જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

હુકમ

આથી હું સી.કે.ઉધાડ(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) તથા આમુખના હુકમથી મળેલ સત્તાની રૂએ જિલ્લા સેવા સદન, નર્મદા તથા જિલ્લામાં આવેલ સરકારશ્રીના વિવિધ વિભાગની અન્ય તમામ કચેરીઓના કંપાઉન્ડ વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીની પૂર્વ મંજૂરી વગર કોઈપણ પ્રકારના પ્રદર્શન, ધરણાં, ઉપવાસ, રેલી વિગેરે પ્રવૃત્તિ કરવા પર.

(૨) કોઈપણ પ્રકારના માઈક સિસ્ટમ/ડી.જે. નો ઉપયોગ ઉકત કચેરીઓ ખાતે કરવા પર.

(૩) ઉક્ત કચેરીઓ ખાતે રોજીંદી કામગીરીમાં અધિકારીઓ/કર્મચારીઓ/અરજદારો/કચેરીના મુલાકાતીઓ વગેરેને અસુવિધા ઉત્પન્ન કરવા પર.

(૪) ઉક્ત કચેરીઓ ખાતે શાંતિ સલામતિ અને સંવાદિતા જોખમાય તેવા સુત્રોચ્ચાર કરવા પર.

અપવાદ

આ હુકમમાંથી સરકારશ્રીના વિભાગો/કચેરીઓ દ્વારા આયોજિત કરવામાં આવનાર કાર્યક્રમો/રેલીને મુક્તિ આપવામાં આવે છે.

અમલવારીનો સમય

આ જાહેરનામું તા.૧૯/૦૭/૨૦૨૫ થી તા.૦૨/૦૮/૨૦૨૫ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ - ૧૩૫ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા - રાજપીપળા તા.૧૮-૦૭-૨૦૨૫.

સી.કે.ઉધાડ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
નર્મદા - રાજપીપળા

વંચાણે લીધું

અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: પીઓએલ/જાહેરનામું/વશી/૫૩૦-૫૪૯/૨૦૨૦, તા.૨૫/૦૨/૨૦૨૦

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલ.

ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/૯૬૫૦ થી ૯૬૮૪/૨૦૨૫-નર્મદા જિલ્લામાં નાગરિકો/સંસ્થાઓ જિલ્લા કલેક્ટર કચેરી તેમજ જિલ્લા/તાલુકાની અન્ય કચેરીઓ ખાતે પોતાની વિવિધ માંગણી/રજુઆતો માટે સમૂહમાં આવતા હોય છે. આ પ્રકારની રજુઆતો દરમ્યાન સંબંધિત કાર્યરત કચેરીઓ ખાતે અધિકારીઓ/કર્મચારીઓ તેમજ કચેરી ખાતે કામ અર્થે આવેલ નાગરિકોના વિવિધ કાર્યો તેમજ તેઓની શાંતિ અને સલામતિ-જળવાઈ રહે, સૌહાર્દપૂર્ણ માહોલ બની રહે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જરૂરી નિયંત્રણો મુકવા જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

હુકમ

આથી હું સી.કે.ઉધાડ(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) તથા આમુખના હુકમથી મળેલ સત્તાની રૂએ જિલ્લા સેવા સદન, નર્મદા તથા જિલ્લામાં આવેલ સરકારશ્રીના વિવિધ વિભાગની અન્ય તમામ કચેરીઓના કંપાઉન્ડ વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીની પૂર્વ મંજૂરી વગર કોઈપણ પ્રકારના પ્રદર્શન, ધરણાં, ઉપવાસ, રેલી વિગેરે પ્રવૃત્તિ કરવા પર.

(૨) કોઈપણ પ્રકારના માઈક સિસ્ટમ/ડી.જે. નો ઉપયોગ ઉકત કચેરીઓ ખાતે કરવા પર.

(૩) ઉક્ત કચેરીઓ ખાતે રોજીંદી કામગીરીમાં અધિકારીઓ/કર્મચારીઓ/અરજદારો/કચેરીના મુલાકાતીઓ વગેરેને અસુવિધા ઉત્પન્ન કરવા પર.

(૪) ઉક્ત કચેરીઓ ખાતે શાંતિ સલામતિ અને સંવાદિતા જોખમાય તેવા સુત્રોચ્ચાર કરવા પર.

અપવાદ

આ હુકમમાંથી સરકારશ્રીના વિભાગો/કચેરીઓ દ્વારા આયોજિત કરવામાં આવનાર કાર્યક્રમો/રેલીને મુક્તિ આપવામાં આવે છે.

અમલવારીનો સમય

આ જાહેરનામું તા.૦૩/૦૮/૨૦૨૫ થી તા.૧૭/૦૮/૨૦૨૫ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ - ૧૩૫ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા - રાજપીપળા તા.૦૧-૦૮-૨૦૨૫.

સી.કે.ઉધાડ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
નર્મદા - રાજપીપળા

Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.08.29 18:48:37 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara